**દાખલ તારીખ** ૧૦/૦૩/૨૦૨૬
**નોંધ્યા તારીખ** ૧૦/૦૩/૨૦૨૬
**ફેંસલ તારીખ** ૧૬/૦૩/૨૦૨૬
**સમય ગાળો**

**મે. ત્રીજા એડી.ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની અદાલતમાં, મુકામ નડીયાદ.**

ફોજદારી પરચુરણ અરજી નં.૨૮૪/૨૦૨૬
આંક–

અરજદાર :– **સતીષભાઇ તીર્થભાઇ વાઘેલા**
ઉ.વ. ૩૮ ધંધો–મજૂરી
રહે.ઉંદરીયા ભાગોળ,નવાપુરા પાસે,મહુધા
(હાલ સબ જેલ બીલોદરા)

વિરુધ્ધ

સામાવાળા :– સરકારશ્રી.

---

બાબત:– ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૮૩ (ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૯) મુજબ રેગ્યુલર જામીન અરજી

---

---

**અરજદાર તરફે વિદ્વાન વકીલ શ્રી એ.વી.પરમાર**
**સામાવાળા સરકાર તરફે વિદ્વાન પી.પી. શ્રી ડી.આર. બારોટ**

---

**// ચુકાદો //**

(૧) અરજદાર/આરોપીએ હાલની અરજી મહુધા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૧૨૦૪૦૩૯૨૬૦૦૦૪/૨૦૨૬,પ્રોહી એકટની કલમ–૬૫(એ),૬૫(ઇ),૮૧,૮૩,૯૮(૨),૯૯,૧૧૬ (બી) તથા ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૩૩૬(૨),૩૪૦(૨) મુજબનો ગુનો નોંધાયેલ છે. સદર ગુનાના કામે અરજદારો/આરોપીની અટક કરી ટ્રાયલ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં

આવેલ ત્યારબાદ અરજદાર/આરોપીની ટ્રાયલ અદાલત ધ્વારા જામીન અરજી નામંજૂર કરતા અત્રેની કોર્ટ સમક્ષ ક્રિ.પ.અરજી નં.૮૫/૨૦૨૬ થી દાખલ કરેલ જે અરજી અત્રેની કોર્ટે નામંજૂર કરતા તે હુકમ સામે નામ.ગુજરાત હાઇકોર્ટ સમક્ષ જામીન અરજી નં.૫૦૩૪/૨૦૨૬ થી દાખલ કરેલી જે વિડ્રો કરેલ છે. ત્યારબાદ ચાર્જશીટ બાદ ફરીથી હાલની અરજી રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે બી.એન.એસ.એસ એકટની કલમ-૪૮૩ મુજબ દાખલ કરેલ છે.

(૨) સદર અરજીની સામાવાળાને નોટીસની બજવણી થતાં આંક-૪ થી ડી.આર. બારોટ, પી.પી.શ્રીની હાજર પુરસીસ રજુ થયેલ છે. તેમજ આંક-૫ થી આઇ.ડી.વાઘેલા,પી.એસ.આઇ મહુધા પોલીસ સ્ટેશનનુ સોગંદનામું રજુ કરેલ છે.

(૩) અરજદાર/આરોપીના વિદ્વાન વકીલ શ્રી એ.વી.પરમારે તેમની મૌખિક દલીલમાં જણાવેલ છે કે,અરજદારે કોઇ ગુનો કરેલ નથી તેઓ નિર્દોષ છે તેમજ બનાવ સ્થળે હાજર નહી હોવા છતાં કહેવાતી એફ.આઇ.આરનુ નામ સહ આરોપીના કહેવાથી ખોટી રીતે સંડોવી દીધેલ છે. સદર ગુના અંગેની કલમોમાં સજાની જોગવાઇ જોતાં કેસ ચલાવવાની સત્તા નામ.નીચેની અદાલતને છે તથા જામીન આપવાની નામ.કોર્ટને સત્તા છે. તમામ મુદ્દામાલ રીકવર થઇ ગયેલ છે વધુ કોઇ મુદ્દામાલ મળી આવેલ નથી. અરજદાર કુટુંબના એક માત્ર કમાઉ સદસ્ય છે અને તેમના કુટુંબના ભરણપોષણનો વિકટ પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ છે.અરજદાર સ્થાનિક રહેવાસી છે સ્થવાર તથા જંગમ મિલકતો ધરાવે છે.કયાંય નાસી ભાગી જાય તેમ નથી. નામ કોર્ટ જે શરતો ફરમાવશે તેનુ પાલન કરશે જેથી હાલના અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) આ કામે સામાવાળા તરફે વિદ્વાન પી.પી. શ્રી ડી.આર. બારોટે તેમની દલીલોમાં જણાવેલ છે કે,અરજદાર/આરોપીની અગાઉ આપ નામ.કોર્ટે જામીન અરજી નામંજૂર કરતા નામ.ગુજરાત હાઇકોર્ટમાં જામીન અરજી કરેલી જે પાછળથી વિડ્રો કરેલ છે ત્યારબાદ ચાર્જશીટ બાદ ફરીથી હાલની જામીન અરજી કરેલ છે. વધુમાં હાલના અરજદાર

સામે આ સ્વિાય પણ બીજા ગુનાઓ નોધાયેલા છે જેથી અરજદાર આરોપી ગુના કરવાની ટેવવાળા હોઇ જો તેઓને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ફરીથી આવા ગુનાઓ કરશે તેવી શકયતાને નકારી શકાય નહી જેથી અરજદારની રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરવા ભારપૂર્વક રજુઆત કરેલ છે.

(૫) આ કામે જામીન અરજી, તપાસ કરનાર અમલદારનું સોગંદનામું, તપાસના પેપર્સ વંચાણે લીધા તેમજ પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીની રજુઆત સાંભળી. એકંદરે એફ.આઈ.આર. અને તપાસ કરનાર અમલદારનું સોગંદનામું વંચાણે લેતા આ કામના આરોપીએ વિદેશી દારુ મંગાવનાર હોઈ તેમજ આ દારુ લઈ આવનાર તથા બીજા અન્ગ આરોપીઓ સાથે મળી વેચાણ કરવાના ઈરાદે દારુ મંગાવેલ હોઈ હાલના અરજદાર/આરોપીની મુખ્ય ભુમિકા હોઈ તેમજ સદર ગુનાના બીજા નાસતા ફરતા આરોપીઓને પકડવાના બાકી હોઈ જેથી હાલના અરજદાર/આરોપીને જો જામીન ઉપર મુકત કરવામાં આવે તો સદર ગુનાના નાસતા ફરતા આરોપીઓ પોલીસ પકડમાં આવવા બાબતે જાણ કરે તેવી પુરેપુરી શકયતા રહેલ હોઈ અને ફરીથી આવા પ્રકારની અસમાજીક પ્રવૃતિ કરે તે હકીકત નકારી શકાય તેમ નથી.વધુમાં સદર ગુનાની સજાની જોગવાઈ તથા સમાજ ઉપર પડતી ગુનાની વિપરીત અસર ધ્યાને લેતા તેમજ અરજદાર/આરોપી અદાલત સમક્ષ હાજર ના રહે અને ટ્રાયલ વિલંબમાં નાંખે તેવી હકીકત પણ નકારી શકાય તેમ નથી.વધુમાં હાલમાં માદક પદાર્થના ગુનાઓનુ પ્રમાણ દિન-પ્રતિદિન વધી રહ્યું છે અને તેના કારણે યુવાધન વેડફાઈ રહ્યું છે. અરજદારને જો જામીન ઉપર મુક્ત કરવામાં આવે તો આવી ગેરકાયદેસર પ્રવૃત્તિ કરનાર ઈસમોને તેમજ નાસતા ફરતા આરોપીઓને પણ પ્રોત્સાહન મળે તેમજ આવા લોકોમાં કાયદાનો ડર રહે નહીં અને સમાજમાં ખોટો સંદેશ જાય તેમજ ચાર્જશીટ થઇ જવા માત્રથી અરજદારના સંજોગો બદલાતા નથી તે સંજોગોમાં અરજદાર/આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૪૮૩ હેઠળ મળેલ વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરી

અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવાનુ ન્યાયોચિત જણાતુ ના હોઈ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-:આ ખરી હુ ક મ:-</u>**

(૧) અરજદાર/આરોપી **સતીષભાઇ તીર્થભાઇ વાઘેલા** રહે.ઉંદરીયા ભાગોળ,નવાપુરા પાસે,મહુધા (હાલ સબ જેલ બીલોદરા) ની ક્રિ.પ.અરજી.નં.૨૮૪/૨૦૨૬ આથી નામંજૂર કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૬ મી, માહે-માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરીને જાહેર કર્યો.

તારીખ :- ૧૬/૦૩/૨૦૨૬
નડીઆદ.

**(પ્રકાશકુમાર પી.પુરોહીત)**
ત્રીજા અધિક સેશન્સ જજ,
નડીઆદ.
કોડ નં.જી.જે.૦૦૬૮૫

(આર.બી.ગોસ્વામી)